ટ્રાન્સપોર્ટની ઓફિસમાંથી મળી દારૂની બોટલઃ

# દિગ્વિજય પ્લોટ-૫૮માં ઈંગ્લીશ દારૂની ચાર બોટલ સાથે એક શખ્સની ધરપકડ

જામનગર તા. ૬: જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારની શેરી નં.૫૮માં હિંગળાજ ચોક પાસેથી એક શખ્સ ગઈકાલે ઈંગ્લીશ દારૂની ચાર બોટલ સાથે ઝડપાઈ ગયો છે. જ્યારે મહાકાળી સર્કલ-ઢીંચડા રોડ પર એક ટ્રાન્સપોર્ટની ઓફિસમાંથી દારૂની એક આખી અને એક અડધી બોટલ પોલીસે કબજે કરી ટ્રાન્સપોર્ટરની ધરપકડ કરી છે.

જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારની શેરી નં.૫૮માં હિંગળાજ ચોક પાસેથી ગઈકાલે સાંજે પસાર થઈ રહેલા ધવલ દીપકભાઈ જાદવ નામના શખ્સને પેટ્રોલિંગમાં રહેલા સિટી એ ડિવિઝનના સ્ટાફે રોકી લઈ તેની તલાશી લેતા આ શખસ પાસેથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની ચાર બોટલ મળી આવી હતી. પોલીસે બોટલ કબજે કરી ધવલ જાદવની ધરપકડ કરી છે.

જામનગરના ઢીંચડા રોડ પર મહાકાળી સર્કલ નજીક આવેલી એક ટ્રાન્સપોર્ટની ઓફિસમાં દારૂની બોટલ રાખવામાં આવી હોવાની બાતમી પરથી ગઈકાલે સાંજે સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફે પટેલ ટ્રાન્સપોર્ટ નામની ઓફિસમાં દરોડો પાડી તલાશી લીધી હતી. જેમાં દારૂની એક આખી બોટલ તથા ૩૦૦ એમએલ દારૂ ભરેલી બીજી બોટલ મળી આવતા ટ્રાન્સપોર્ટર સિદ્ધાર્થ સુરેશભાઈ ભાલોડીયાની ધરપકડ કરાઈ છે.

યુવાનના માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવીઃ

# ઘરમાં પથ્થર ફેંકવાના પ્રશ્ને યુવાનને પાડોશી સહિત ત્રણ શખ્સે ફડાકા ઝીંકી ધમકી આપી

જામનગર તા. ૬: જામનગરના રામેશ્વરનગર પાછળ વિનાયક પાર્કમાં એક યુવાનને ઘર પર પથ્થર ફેંકવાના મુદ્દે પાડોશી સહિતના ત્રણ શખ્સે માર મારી પતાવી દેવાની ધમકી આપતા પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે.

જામનગરના રામેશ્વરનગર વિસ્તાર પાછળ આવેલા વિનાયક પાર્કમાં સેન્ટ મેરી સ્કૂલ પાછળ વસવાટ કરતા પૂનમબેન હમીરભાઈ મકવાણા નામના મહિલાના પુત્રને ગઈ તા.૨૨ની રાત્રે ત્યાં પાડોશમાં જ રહેતા નીખિલ ગોંદીયા નામના શખ્સે રોકી લઈ તે મારા ઘરમાં પથ્થર કેમ ફેંક્યો તેમ પૂછતા પૂનમબેનના પુત્રએ મેં પથ્થર નથી ફેંક્યો તેમ કહ્યું હતું. તેમ છતાં નીખિલભાઈ અને બે અજાણ્યા શખ્સે ઝઘડો કર્યો હતો.

આ વ્યક્તિઓએ પૂનમબેનના પુત્રને બે-ત્રણ ફડાકા ઝીંકવા ઉપરાંત બે અજાણ્યા શખ્સે ગાળો ભાંડી હતી. તેને ગાળો બોલવાની ના પાડવામાં આવતા ત્રણેય વ્યક્તિએ ઢીકાપાટુથી માર મારી પતાવી દેવાની ધમકી આપી હતી. પૂનમબેને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુન્હો નોંધી ત્રણેય હુમલાખોરની ધરપકડ માટે તજવીજ કરી છે.

સમાજ સેવા કરનારાઓને એવોર્ડ આપી સન્માન કરાશેઃ

# 'જૈન શક્તિ એવોર્ડ' માટે સમાજ સેવિકા અને મહિલા અગ્રણી ગીતાબેન સાવલાની પસંદગી

જામનગર તા. ૬: જામનગરના જૈન શક્તિ ગ્રુપ દ્વારા આગામી તા. ૨૯-૩-૨૦૨૬ ના દિને સાંજે ૫-૩૦ વાગ્યે ચેમ્બર ઓફ કોમર્સ. એન્ડ ઈન્ડસ્ટ્રીના હોલમાં સમાજસેવાના કાર્યો કરનારાઓનું જૈન શક્તિ એવોર્ડથી સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

જામનગરના પૂર્વ કોર્પોરેટર અને ન.પા.શિ. સમિતિના પૂર્વ અધ્યક્ષ તેમજ લાયન્સ ક્લબ, મહિલા બેંક, કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ, ઓશવાળ સમાજ વિગેરે સંસ્થાઓમાં વિવિધ પદ પર રહી સમાજ સેવાના કાર્યોમાં સતત કાર્યશીલ એવા મહિલા અગ્રણી ગીતાબેન દિલીપભાઈ સાવલાની પ્રતિષ્ઠિત 'જૈન શક્તિ એવોર્ડ-૨૦૨૬' માટે પસંદગી કરવામાં આવી છે.

સકારાત્મક સમાજસેવાની નોંધ લઈ તેમના ઉત્કૃષ્ટ કાર્યોને બિરદાવવા આ સન્માન કરવામાં આવી રહ્યું હોવાનું જૈન શક્તિ ગ્રુપના પ્રમુખ કિરીટભાઈ મહેતા, ઉપપ્રમુખ મનિષભાઈ મારૂ, મહામંત્રી જયભાઈ દોશી, મંત્રી નિખિલભાઈ કામદાર તથા ખજાનચી મિલાપભાઈ કોઠારીની યાદીમાં જણાવાયું છે. સંસ્થાએ ગીતાબેન સાવલાની સેવાને સમસ્ત જૈન સમાજ માટે ગૌરવ ગણાવી છે.

લેઉવા પટેલ સમાજ સંચાલિત

# ધ્રોલના કન્યા વિદ્યાલયમાં દીક્ષાંત સમારોહ

ધ્રોલ તા. ૬: ધ્રોલમાં લેઉવા પટેલ સેવા સમાજ સંચાલિત શ્રીમતી ડી.એચ. કે. મુંગરા કન્યા વિદ્યાલયની ધોરણ ૧૦ અને ૧૨ની વિદ્યાર્થિનીઓનો દીક્ષાંત સમારોહ યોજાયો હતો.

શાળાના પ્રિન્સીપાલ શ્રદ્ધાબા વાળાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. વિજ્ઞાન જાથાના ચેરમેન જયંતભાઈ પંડયાએ પ્રેરણાદાયી પ્રવચન સાથે વિદ્યાર્થિનીઓને શુભેચ્છા પાઠવી હતી. સંસ્થાના ઉપપ્રમુખ ડો. વિજયભાઈ સોજીત્રાએ ધો. ૧૦/૧૨ની છાત્રાઓને ઉજ્જવળ કારકિર્દી માટે આશીર્વાદ આપ્યા હતા.

આ સમારોહમાં જિલ્લા શિક્ષક મહા સંઘના પ્રમુખ મહેશભાઈ મુંગરા, સંચાલક વિજયભાઈ મુંગરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન હિનાબેન ડાંગર તથા વિદ્યાર્થિનીઓએ કર્યુ હતું.

સાંસદ પૂનમબેન માડમ તથા ધારાસભ્ય મૂળુભાઈ બેરાના હસ્તે

# ખંભાળિયા શહેરમાં રૂા. ૧૬.૩૦ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્તઃ રૂા. ૫.૦૩ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ

(તસ્વીરઃ મુકેશ મોકરીયા)

ખંભાળિયા તા. ૬: ખંભાળિયા શહેરમાં રૂા. ૧૬.૩૦ કરોડના વિકાસ કામોના ખાતમુહૂર્ત તથા રૂા. ૫.૦૩ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ સાંસદ પૂનમબેન માડમ તથા ધારાસભ્ય મૂળુભાઈ બેરાના હસ્તે કરવામાં આવ્યા હતાં.

શહેરના જુદા જુદા નાકાઓ જે અગાઉના સમયમાં રાજાશાહીના સમયમાં જુદા જુદા સ્થળે કિલ્લા ગઢમાંથી રસ્તો નાકું રાખવામાં આવતું હતું, જેમાં ખંભાળિયામાં ત્રણ નાકાઓ જુના સમયના હોય, આ નાકાઓને રજવાડી લૂક આપીને હેરીટેજ વારસો મૂળ સ્વરૂપમાં બનાવવા પ્રયત્ન કરાયો હતો. ૩૫૦ કરોડના આ નાકાઓમાં સલાયા ગેઈટ, પોટ ગેઈટ તથા દ્વારકા ગેઈટ તથા ખામનાથ પાસે નવડેરાનો સમાવેશ થાય છે. ખંભાળિયાના આ રાજાશાહીના સમયના નાકાઓનું રીનોવેશન જુના ઢબથી કરવા પાલિકા દ્વારા વર્ષોથી રજૂઆતો થતી હતી, પણ ૧૦-૧૨ લાખ સરકાર આપતી નહતી, પરંતુ તત્કાલિન પાલિકા કારોબારી ચેરમેન હિનાબેન આચાર્ય દ્વારા આ નાકાઓનું ઐતિહાસિક મહત્ત્વ તથા ફોટો, વીડિયો, સ્ટોરી સાથે પાલિકા ઈજનેર એન.આર. નંદાણિયા સાથે સંકલન કરી સરકારમાં રજૂઆત કરતા ૧૦-૧૨ લાખ ના આપતા તેમણે સ્પેશ્યલ કેસમાં સાડાત્રણ કરોડ મંજુર કર્યા હતાં.

**મહિલાઓ માટે જીમનું લોકાર્પણ**

ખંભાળિયા પાલિકા બગીચામાં યોગ હોલની ઉપર રૂા. ૭૨.૮૬ લાખના ખર્ચે બનાવવામાં આવેલા મહિલાઓ માટેના જીમનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે સાંસદ પૂનમબેન માડમે પણ 'ટ્રેડમીલ' ઉપકરણનો ઉપયોગ કરી જીમની કામગીરી શરૂ કરાવી હતી.

**રસ્તાનો ઉપયોગ શરૂ થયા પછી લોકાર્પણ**

નગર ગેઈટથી ચાર રસ્તા સુધી રૂા. ૮૦.૧૯ લાખના ખર્ચે રસ્તો બનાવાયો હતો. શહેરીજનોએ તેના લોકાર્પણની રાહ જોયા વગર ઉપયોગ શરૂ કરી જ દીધો હતો તેમ છતાં તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

**ગૌરવપથ સહિતના કામોનું ખાતમુહૂર્ત**

ખંભાળિયા પાલિકા દ્વારા જામનગર રોડ પર વેલકમ ગેઈટ આઈ.ટી.આઈ. પાસેથી રેલવે ફાટક પાસે સર્વિસ સ્ટેશન સુધી રૂા. પાંચ કરોડના ખર્ચે આઈકોનિક ગૌરવપથ બનાવવા આયોજન કર્યું છે.

આ ઉપરાંત અન્ય વિકાસ કાર્યો ૧૧.૩૦ કરડના કરવા આયોજન થયું છે. જેનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, જેમાં હિન્દુ સ્મશાનમાં સી.સી. રોડ, સિવિલ વર્ક, લાઈટીંગના કામો, ખામનાથ પુલથી કલ્ઝાર હોટલ સુધી સી.સી. રોડ તથા ડીવાઈડર બનાવવા, ટાઉનહોલથી ખામનાથ પુલ સુધી સી.સી. રોડ તથા ડીવાઈડર બનાવવા, રેલવે સ્ટેશનથી તેલી નદી પુલ સુધી ડ્રેનેજ કામ, જોધપુર ગેઈટથી નગર ગેઈટ સી.સી. રોડ તથા ડ્રેનેજ કામ, ધોરીવાવ પાસે કમ્પાઉન્ડ વોલ તથા કૂવાનું કામ ન.પા. બગીચામાં ટોપટેન સહિત વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત થયું હતું.

આ પ્રસંગે ચીફ ઓફિસર રાહુલ કરમુર, પાલિકા પ્રમુખ રચનાબેન મોટાણી, ભાજપ શહેર પ્રમુખ મિલનભાઈ કિરત સાતા, મહામંત્રી પરબતભાઈ ભાદરકા, રાજુભાઈ ભરવાડ વિગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુથી

# જામનગર જિલ્લામાં આગામી તહેવારોને અનુલક્ષીને તા. ૪ એપ્રિલ સુધી હથિયારબંધી

જામનગર તા. ૬: આગામી દિવસોમાં ચેટીચાંદ, રમજાન ઈદ, શ્રી રામ નવમી, મહાવીર જન્મ કલ્યાણ, ગુડ ફાઈડેના તહેવાર આવતા હોય, જેને અનુલક્ષીને જામનગર જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી (ઈ.ચા.) એસ.એમ. કાચડ, જામનગર દ્વારા સમગ્ર જિલ્લામાં આગામી તા. ૪-૪-૨૦૨૬ સુધી હથિયારબંધી ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામા મુજબ કોઈપણ વ્યક્તિએ શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી, લાઠી તેમજ શારીરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધન, કોઈપણ પ્રકારના ક્ષયકારી અને સ્ફોટક દારૂગોળો જેવા પદાર્થો, પથ્થરો અને ફેંકી શકાય તેવી વસ્તુઓ, ઘકેલવાના યંત્રો, મનુષ્ય અથવા તેના શબ, આકૃતિઓ કે પૂતળા દેખાડવા કે બાળવા, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સૂત્રો પોકારવા, ગીતો ગાવા, ટોળામાં ફરવું, પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપિંગ મોલ, સિનેમા હોલ અને એમ.પી. શાહ મ્યુનિ. ટાઉનહોલમાં પ્રવેશ કરવો, આવી તમામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

આ જાહેરનામાનો ભંગ કરનારે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની સજા, ઓછામાં ઓછા ૪ મહિનાની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે.

જાહેરનામું ફરજ પરના હાજર અધિકારીઓ, કર્મચારીઓ, હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો જેઓને ફરજ નિમિત્તે હથિયાર રાખવાની આવશ્યકતા હોય, સરકારી અધિકારીઓ, કર્મચારીઓ જેઓ હથિયાર ધરાવતા હોય, શારીરિક અશક્તિને કારણે લાઠી રાખવાની પરવાનગી હોય, પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીઓ, પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજ, યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓએ દંડ રાખેલ હોય, પોલીસ અધિક્ષક અથવા તેમને નિયુક્ત કરેલા અધિકારીની કાયદેસરની પરવાનગી મેળવેલ હોય અને કિરપાલ રાખેલ શીખને લાગુ પડશે નહિં.

# જામનગરમાં સુભાષ બ્રિજની ફૂટપાથ જર્જરિતઃ સમારકામની માગ

જામનગરમાં સુભાષ બ્રિજ પર ફૂટપાથ તથા સંલગ્ન રેલીંગ જર્જરિત હાલતમાં છે. ગમે ત્યારે કોઈ રાહદારી અકસ્માતનો ભોગ બની શકે એવી સ્થિતિ છે, ત્યારે સામાજિક કાર્યકર સચિન જોષી દ્વારા સુભાષ બ્રિજની ફૂટપાથનું તાત્કાલિક સમારકામ કરાવવાની માગ સાથે તંત્રને રજૂઆત કરવામાં આવી છે. ઉલ્લેખનિય છે કે, અહીં ફૂટપાથ પર રાત્રે સહેલાણીઓ બેઠા હોય છે, જે જર્જરિત ફૂટપાથને કારણે નદીમાં ખાબકે એ જોખમ પણ રહેલું છે. તંત્ર દ્વારા સમારકામ કરવામાં આવે એ જરૂરી છે.

૮ મી માર્ચે વૈશ્વિક માઁ રાંદલ મહોત્સવઃ

# દ્વારકાના રાંદલ ધામમાં ૧૨૦૦ થી વધુ કુમારિકા રાંદલ સ્વરૂપ ધારણ કરશે

દ્વારકા તા. ૬: દ્વારકાના કકલાસ કુંડ પાસે આવેલા શ્રી રાંદલ ધામમાં રાંદલ માતાજીના સમૂહ લોટા તેડવાનું ભવ્યાતિભવ્ય આયોજન તા. ૮-૩-૨૦૨૬ ના કરવાં આવ્યું છે. આ પ્રસંગે ઈતિહાસમાં સૌ પ્રથમ વખત ૧૨૦૦ થી વધુ કુમારિકાઓ રાંદલ સ્વરૂપ ધારણ કરશે. આયોજકો દ્વારા આ અંગે તૈયારીઓ પરિપૂર્ણ કરી છે. રાંદલ માતાજીના ૨ (બે) લોટા તેડવાનો ખર્ચ રૂા. ૨૧૦૦ છે. માતાજીના લોટા તેડવા માટે કોઈપણ ગામ-શહેરના માઈભક્તો નામ નોંધાવી શકે છે. નામ નોંધવાની છેલ્લી તા. ૬-૩-૨૦૨૬ છે.

રાંદલ માતાજીના લોટા ઉત્સવ અંતર્ગત આગામી તા. ૮ મી માર્ચને રવિવારના સવારે ૮ કલાકે માતાજીનું પૂજન, બપોરે ૧૧ કલાકે કુમારિકા ભોજન, સાંજે ૬ કલાકે ઘોડો ઘુમાશે. રાત્રે ૮-૩૦ કલાકે નિજમંદિરમાં મહાઆરતી થશે. તા. ૯ મી માર્ચના સવારે ૮ કલાકે ઉત્થાપન થશે. સમગ્ર ધર્મોત્સવના યજમાન સૂર્યનારાયણ દેવ તથા સત્યનારાયણ દેવ રહેશે. વધુ માહિતી માટે મો. ૯૯૭૪૨ ૫૫૨૬૨ પર સંપર્ક કરવો.

કરોડોની જમીન નજીવા ભાડે આપતા વિવાદ થયો હતો તે

# ખંભાળિયાના સ્વીમીંગ પુલના સંચાલક કોન્ટ્રાક્ટર સામે પગલાં લેવા માગણી

**સ્વીમીંગ પુલ શરૂ થવાના પંદર જ દિવસમાં ધૂળેટીના તહેવારોમાં ડબલ ભાડા લેવાયાની ફરિયાદ**

ખંભાળિયા તા. ૬: ખંભાળિયા પાલિકાનો કરાડો રૂપિયાની જગ્યા પર ૮૮ લાખ જેવી મોટી રકમના ખર્ચે બનેલો અદ્યતન સ્વીમીંગ પુલ શરૂ થયાના પંદર દિવસમાં વિવાદમાં આવ્યો છે.

ખંભાળિયા પાલિકાની કરોડોની જમીન પર અત્યંત નજીવા ભાડેથી અપાયેલો આ સ્વીમીંગ પુલ પ્રથમથી જ વિવાદમાં છે, ત્યારે ગઈકાલે ધૂળેટીના શહેરના લોકો ઉત્સાહપૂર્વક ધૂળેટી ઉજવીને આ સ્વીમીંગ પુલની મઝા લેવા જતા ચોંકી ગયા હતાં. કેમ કે આ સરકારી સ્વીમીંગ પુલમાં ગઈકાલે તહેવાર હોય, એક કલાકનું ભાડું રૂા. ૧૦૦ ના બદલે ૨૦૦ રૂપિયા રાખ્યું હતું.

આ અંગે કોંગ્રેસના અગ્રણી કપિલભાઈ ત્રિવેદી કે જેઓ પરિવાર સાથે ત્યાં નાહવા ગયેલા તેમણે ફરિયાદ કરતા ત્યાં એક ટી.વી. ચેનલના પત્રકાર કવરેજ કરવા પહોંચતા તેમને પણ સ્વીમીંગ પુલ સંચાલકો દ્વારા કનડગત કરાઈ હતી. તેવા આક્ષેપ સાથેનો વીડિયો સોશિયલ મીડિયામાં મૂકતા પત્રકારોમાં પણ રોષની લાગણી ફેલાઈ હતી.

સ્વીમીંગ પુલ સંચાલનના કરારનામામાં તહેવારોમાં ડબલ પૈસાનો કોઈ ઉલ્લેખ ન હોવા છતાં પણ આવી રીતે વર્ષે લાખ રૂપિયાના નજીવા ભાડા છતાં ૧૦૦ થી ૨૦૦ લેવાતા હોય, એગ્રીમેન્ટ ભંગ બદલ તાકીદે આ એજન્સીને બ્લેકલીસ્ટ કરીને પગલાં ભરવાની નાગરિકોમાં માગણી ઊઠી છે. પાલિકા પ્રમુખ તથા ચીફ ઓફિસર સમક્ષ ફરિયાદો થઈ હતી.

ભાજપના શાસનમાં ગુજરાતમાં જ

# ગુજરાતી માધ્યમની શાળાઓને થતો હળાહળ અન્યાય

**અન્ય માધ્યમની શાળાઓમાં શિક્ષકોની ભરતીની છૂટઃ ગુજરાત માધ્યમની શાળાઓમાં પ્રતિબંધ!**

ખંભાળિયા તા. ૬: ગુજરાતમાં સૌથી મોટા પ્રમાણમાં ગુજરાતી માધ્યમની શાળાઓમાં સરકારી શાળાઓમાં હજારો શિક્ષકોની ખાલી જગ્યાઓ છે, ત્યારે તેમાં ભરતી પર હજુ પ્રતિબંધ છે, જ્યારે શિક્ષણ વિભાગે ચોકાવનારો નિર્ણય કરીને બીનગુજરાતી માધ્યમની સરકારી શાળાઓમાં સ્થાનિક કક્ષાએ માત્ર શૈક્ષણિક લાયકાતના આધારે ભરતી કરવાની છૂટ અને ગુજરાતી માધ્યમ પર પ્રતિબંધ હોય, શિક્ષણ વિભાગનો બેવડા ધોરણનો નિર્ણય ભારે ચર્ચાપાત્ર બન્યો છે.

ગુજરાતી માધ્યમમાં ભરતી નહીં અને અન્ય માધ્યમની સરકારી શાળાઓમાં કોઈ જાતની સ્પર્ધાત્મક પરીક્ષા પણ લીધા વગર માત્ર પી.ટી.સી. અને બી.એડ.ના આધારે ૧૧ માસના કરારથી ૨૧ હજારનો ફિક્સ પગાર ચૂકવવાનો નિર્ણય ભારે ટીકાપાત્ર બન્યો છે. જો અન્ય માધ્યમોની શાળાઓમાં શિક્ષણ બગડતું અટકાવવા ટેટ વગર પણ જો ભરતી થઈ શકતી હોય તો ગુજરાતી માધ્યમમાં કેમ નહીં?

ગુજરાતી માધ્યમમાં પણ જો પી.ટી.સી. અને બી.એડ.ના હજારો બેકાર યુવાન-યુવતીઓ કે જે ગ્રામ્ય પંચકમાં છે તેમને ઘર આંગણે નોકરી મળી જાય અને ગ્રામ્ય પંચકની હજારો ખાલી જગ્યાઓ પણ ભરાઈ જતા શિક્ષણ બગડતું અટકે! અન્ય માધ્યમોના છાત્રોના શિક્ષણ બગડવાની ચિંતા કરતા ગુજરાતના શિક્ષણ વિભાગને શું ગુજરાતી માધ્યમના છાત્રોનું હીત નથી દેખાતું તેવો પણ વ્યાપક પ્રશ્ન સમગ્ર ગુજરાતમાં ઊઠ્યો છે.

**શિક્ષણ વિભાગની બેવડી નીતિ સામે ટીકા સાથે રોષ**

:: અમારા કહ્યામાં નથી ::

આથી અમો ફેઝાન સૈયદભાઈ ફરજ જાહેર કરીએ છીએ કે, મારો પુત્ર અયાન ફેઝાનભાઈ ફરજ અમારા કહ્યામાં નથી અમારૂ માનતા નથી છેલ્લા ઘણા સમયથી પોતાની રીતે સ્વતંત્ર જીવન જીવે છે. તેની સાથે કોઈએ નાણાકીય કે સામાજીક વ્યવહાર કરવો નહી તેમ છતાં કોઈપણ વ્યવહાર કરશે તો તેની અમારી કોઈ જવાબદારી રહેશે નહી. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ :- જામનગર. તા.૦૫-૦૩-૨૦૨૬

લી. (ફેઝાન સૈયદભાઈ ફરજ) રહે.જામનગર. મો.નં.૯૨૬૫૮૦૨૪૫૫

PANCHOLI TUITION CLASSES
A Place Where your Dreams Ges Wings
English Medium Specialist / CBSE / GSEB / ICSE
Std. 1 to 12 Comm. ( ALL Subjects)
Number 1 Class
OUR SPECIALITY
• N.V.N, Air Force, D.P.S., Podar, Modi
PANCHOLI TUITION CLASSES
Chirag sir (M.e., B.Ed)
Milan Pancholi (Admin Head) (M.com, B.Ed.)Eng. Med.)
Mobile : 84609 99680 / 92655 84926
MEHUL NAGAR ROAD, KRISHNA NAGAR STREET
NO. 2, OPP. MINAXI SCHOOL. 'CHITRAKUT' JAMNAGAR